

# સ્પેનમાં 24 કલાકમાં 60 હજાર ગેરકાયદે ઘૂસણખોરો પહોંચ્યા

**સેઉટા** સરહદ પર અફરાતફરીમાં 34નાં મોત; સેનાની તૈનાતી, યુરોપિયન સંઘે મદદની ઓફર કરી

સેઉટા, તા. 31 (એપી): મોરોક્કોથી સ્પેનના ઉત્તર આફ્રિકામાં આવેલા સ્વાયત્ત શહેર સેઉટામાં છેલ્લા 24 કલાકમાં આશરે 60 હજાર ગેરકાયદે પ્રવાસીઓ ઘૂસી આવ્યા છે. આ સંખ્યા શહેરની કુલ વસ્તીના લગભગ 70 ટકા જેટલી છે. સરહદ પર મચેલી અફરાતફરીમાં ઓછામાં ઓછા 34 લોકોનાં મોત થયા છે. તેમાં ઘણા લોકો દરિયામાં ડૂબી ગયા હતા, જ્યારે કેટલાક તારાજલ બીચ પાસે સરહદી અવરોધ પાર કરતી વખતે નાસભાગમાં કચડાઈ ગયા હતા.

સ્થિતિ બેકાબૂ બનતાં સ્પેને સેનાની તૈનાતી કરી છે, જ્યારે યુરોપિયન સંઘે સરહદ પર વ્યવસ્થા પુનઃસ્થાપિત કરવામાં મદદની ઓફર કરી છે. સ્પેનના વડા પ્રધાન પેડ્રો સાન્ચેઝે તેને દેશની પ્રાદેશિક અખંડિતતાનું ઉલ્લંઘન ગણાવ્યું અને માનવ તસ્કરોને આ દુર્ઘટના માટે જવાબદાર ઠેરવ્યા.

વીડિયોમાં પ્રવાસીઓ દરિયાઈ માર્ગે તરતા, બોર્ડર પર ચઢતા અને સ્પેનિશ વિસ્તારમાં દોડતા જોવા મળ્યા હતા. બીજી તરફ કેટલાક લોકો પરત મોરોક્કો તરફ પણ ફર્યા હતા. હજારો પ્રવાસીઓ, જેમાં એકલા આવેલા બાળકો પણ સામેલ છે, પાર્કો અને રસ્તાઓ પર રાત પસાર કરવા મજબૂર બન્યા છે.

સ્પેન અને સેઉટાના અધિકારીઓના મતે સુપ્રીમ કોર્ટના તાજેતરના એક ચુકાદાનો માનવ તસ્કરોએ ખોટો અર્થ કાઢીને મોટી સંખ્યામાં લોકોને દરિયાના માર્ગે સરહદ પાર કરવા પ્રેરિત કર્યા છે.



» ચીનના વુહૂ શહેરમાં વિદેશી નિકાસ અગાઉ યોજાયેલા સમારોહમાં પ્રદર્શિત કરાયેલા ચેરી ગ્રુપના આધુનિક ‘AiMoga’ રોબોટ્સ.

# અમેરિકામાં નોકરી માટે હવે 1 લાખ ડોલરની ફી લેવા ટ્રમ્પ સરકારની વિચારણા

**અમેરિકામાં** અભ્યાસ બાદ નોકરી કરવા ઈચ્છતા વિદેશી વિદ્યાર્થીઓને ભરવી પડી શકે છે ફી

**ગ્રીન** કાર્ડ અરજદારો માટે પણ 1 લાખ ડોલરના બોન્ડની યોજના

વોશિંગ્ટન, તા. 31 (પીટીઆઈ): અમેરિકામાં અભ્યાસ પૂર્ણ કર્યા પછી ત્યાં જ નોકરી કરવા ઈચ્છતા આંતરરાષ્ટ્રીય વિદ્યાર્થીઓ માટે ટ્રમ્પ સરકાર મોટો આર્થિક બોજ ઊભો કરી શકે છે. એક અહેવાલ અનુસાર, અમેરિકી હોમલેન્ડ સિક્યુરિટી વિભાગ (DHS) અમેરિકી યુનિવર્સિટીમાં અભ્યાસ પૂર્ણ કરનાર વિદેશી વિદ્યાર્થીઓને કામ કરવાની મંજૂરી આપતી ઓપ્શનલ પ્રેક્ટિકલ ટ્રેનિંગ (OPT) વિઝા વ્યવસ્થા માટે 1 લાખ ડોલરની ફી વસૂલવાના પ્રસ્તાવ પર વિચાર કરી રહી છે.

આ પગલું ત્યારે ચર્ચામાં આવ્યું છે જ્યારે અમેરિકાની એક અદાલતે H-1B વિઝા માટે 1 લાખ ડોલરની ફી લાદવાના અગાઉના પ્રસ્તાવને ફગાવી દીધો હતો. OPT એ મૂળ F-1 વિદ્યાર્થી વિઝાનો વિસ્તૃત ભાગ છે, જેના હેઠળ વિદેશી વિદ્યાર્થીઓને તેમના અભ્યાસ સાથે સીધો સંબંધ ધરાવતા ક્ષેત્રમાં એકથી ત્રણ વર્ષ સુધી અમેરિકામાં કામ કરવાની છૂટ મળે છે.

ઉપલબ્ધ તાજેતરના આંકડા મુજબ 2024 દરમિયાન આશરે 4.19 લાખ વિદેશી નાગરિકો OPT હેઠળ અમેરિકામાં કામ કરતા હતા. અમેરિકાની ટેક કંપનીઓ મોટા પ્રમાણમાં યુનિવર્સિટીઓમાંથી ભરતી કરતી હોવાથી તેમણે અગાઉ H-1B પર આવી ભારે ફી લાદવાના પ્રસ્તાવનો વિરોધ કર્યો હતો.

DHSના પ્રવક્તાએ જણાવ્યું કે કોઈપણ નીતિને સત્તાવાર જાહેરાત થાય ત્યાં સુધી અંતિમ માનવી નહીં. વિભાગ કાયદેસર ઈમિગ્રેશન પ્રણાલીની વિશ્વસનીયતા જાળવવા માટે ઉપલબ્ધ તમામ વિકલ્પો અંગે સતત ચર્ચા કરતો રહે છે.

અહેવાલ મુજબ અમેરિકી સ્ટેટ ડિપાર્ટમેન્ટ પણ અમેરિકાની બહારથી ગ્રીન કાર્ડ માટે અરજી કરનારાઓ પાસેથી 1 લાખ ડોલરનું બોન્ડ લેવા અંગે વિચારણા કરી રહ્યું છે. અરજદાર અમેરિકા આવી નાગરિક બને પછી જ આ રકમ પરત મળે તેવી જોગવાઈ થઈ શકે છે.

જો OPT વ્યવસ્થા ન રહે અથવા તેના પર અત્યંત ભારે ફી લાદવામાં આવે તો મોટા ભાગના વિદેશી વિદ્યાર્થીઓને ડિગ્રી પૂર્ણ થતાં જ અમેરિકા છોડવું પડી શકે છે અને અમેરિકી યુનિવર્સિટીઓમાં મેળવેલી તેમની કુશળતા અન્ય દેશોના બજારોમાં વળી શકે છે.

# પાકિસ્તાનમાં કોલસાની ખાણમાં ભીષણ વિસ્ફોટ, 34 મજૂરોનાં મોત

**મિથેન** ગેસના વિસ્ફોટ બાદ આગ લાગી, ખાણ ધરાશાયી થતાં અનેક કામદારો ફસાયા, બચાવ કામગીરી ચાલુ

**ખાનગી** ખાણમાલિકો સામે સલામતી નિયમોના પાલનમાં બેદરકારીના આક્ષેપ

કરાચી, તા. 31 (પીટીઆઈ): પાકિસ્તાનના બલૂચિસ્તાન પ્રાંતમાં આવેલી કોલસાની ખાણમાં મિથેન ગેસના ભીષણ વિસ્ફોટમાં ઓછામાં ઓછા 34 ખાણ મજૂરોનાં મોત થયાં છે, જ્યારે એક ડઝનથી વધુ કામદારો હજુ પણ ખાણમાં ફસાયેલા હોવાનું અધિકારીઓએ શુક્રવારે જણાવ્યું હતું. બચાવ કામગીરી યુદ્ધના ધોરણે ચાલુ છે. આ અકસ્માત ગુરુવારે ક્વેટા નજીકના સોરાંગે કોલસા ખાણ વિસ્તારમાં પાળી બદલાતી વખતે બની હતી. મિથેન ગેસના વિસ્ફોટને કારણે એક ખાણ ઉપરાંત તેની નજીકની બીજી ખાણને પણ નુકસાન પહોંચ્યું હતું અને 50થી વધુ કામદારો અંદર ફસાઈ ગયા હતા. આશરે 4,000 ફૂટની ઊંડાઈએ થયેલા વિસ્ફોટ બાદ આગ ફાટી નીકળી હતી અને ખાણના કેટલાક ભાગ ધરાશાયી થતાં અનેક મજૂરો કાટમાળ નીચે દટાઈ ગયા હતા.

પ્રાંતીય આપત્તિ વ્યવસ્થાપન સત્તામંડળ (PDMA)ના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં 34 મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે, જ્યારે 22 કામદારોને જીવતા બચાવવામાં સફળતા મળી છે.

ઓલ પાકિસ્તાન કોલ માઈનર્સ એસોસિયેશનના પીર મુહમ્મદ કાકરે જણાવ્યું કે મિથેન ગેસ ભરાઈ જવાને કારણે વિસ્ફોટ થયો હતો. તેમણે આરોપ લગાવ્યો કે ખાનગી ખાણમાલિકો ઘણીવાર ફરજિયાત સલામતી નિયમોનું પાલન કરતા નથી. બલૂચિસ્તાનના ખાણ અને ખનિજ મંત્રી શોએબ નોશેરવાનીએ જણાવ્યું કે અત્યંત મુશ્કેલ પરિસ્થિતિમાં બચાવ કામગીરી ચાલુ છે. સરકારે મૃતકના પરિવારને પાંચ લાખ પાકિસ્તાની રૂપિયા અને ઘાયલ કામદારોને ત્રણ લાખ રૂપિયાની સહાય આપવાની જાહેરાત કરી છે. સરકારે દુર્ઘટનાના કારણોની તપાસ અને ખાણોની સલામતી વ્યવસ્થાની સમીક્ષા કરવાનો પણ નિર્ણય લીધો છે. શ્રમિક સંગઠનોએ ખાણ સલામતીના નિયમોનો કડક અમલ અને બેદરકાર કંપનીઓ સામે કડક કાર્યવાહી કરવાની માગ કરી છે.



# ભિવંડીમાં ચાર માળની ઇમારત ધરાશાયી, 10નાં મોત

**નગરપાલિકાએ** 2020માં ઇમારતને જોખમી જાહેર કરી હતી, ખાલી કરવાની નોટિસ છતાં સમારકામ ચાલુ થયું

થાણે, તા. 31 (પીટીઆઈ): મહારાષ્ટ્રના થાણે જિલ્લાના ભિવંડીમાં ચાર માળની એક ઇમારત ધરાશાયી થતાં 10 લોકોનાં મોત થયાં છે જ્યારે અન્ય 3 ઈજાગ્રસ્ત થયા છે. કાટમાળ નીચે દબાયેલા લોકોને બહાર કાઢવા 19 કલાક સુધી ચાલેલું આ મલ્ટી-એજન્સી સર્ચ અને રેસ્ક્યૂ ઓપરેશન શુક્રવારે સાંજે લગભગ 7.00 વાગ્યે પૂર્ણ થયું હતું. સ્થાનિક નગરપાલિકાએ આ ઇમારતને અગાઉથી જ ‘અતિ જોખમી’ જાહેર કરી હતી.

ગુરુવારે રાત્રે લગભગ 11.20 વાગ્યે પાવરલૂમ નગરી ભિવંડીના બાલાજી નગર વિસ્તારમાં આવેલી કોહિનૂર બિલ્ડિંગનો એક ભાગ અચાનક તૂટી પડ્યો હતો. 48 ઓરડાવાળી આ ઇમારતમાં દરેક માળે 12 ઓરડા હતા. રાત્રે લગભગ 9 વાગ્યે રહેવાસીઓને ઇમારતમાંથી જોરદાર તિરાડ પડવાના અવાજો સંભળાતા સ્થાનિક લોકોએ અનેક પરિવારોને બહાર કાઢ્યા હતા. જોકે, કેટલાક લોકો હજુ બહાર નીકળવાનો પ્રયાસ કરી રહ્યા હતા ત્યારે ‘બી’ વિંગ ધરાશાયી થઈ ગઈ હતી.

રાષ્ટ્રીય આપત્તિ પ્રતિસાદ દળ (NDRF), થાણે ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સ, ફાયર બ્રિગેડ, ડોગ સ્ક્વોડ, એમ્બ્યુલન્સ અને ભારે મશીનરીની મદદથી બચાવ કામગીરી હાથ ધરવામાં આવી છે. અત્યાર સુધીમાં નવ મૃતદેહ બહાર કાઢવામાં આવ્યા છે અને કાટમાળમાં ફસાયેલા લોકોને શોધવાના પ્રયાસો ચાલુ છે.

મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસે દુર્ઘટના પર શોક વ્યક્ત કરીને જવાબદારો સામે ગુનો નોંધી કડક કાર્યવાહી કરવાનો આદેશ આપ્યો છે.

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દુર્ઘટના પર ઊંડો શોક વ્યક્ત કર્યો છે. મોદીએ ‘પ્રધાનમંત્રી રાહત ફંડ’માંથી મૃતકોના સ્વજનોને રૂ. 2 લાખ અને ઈજાગ્રસ્તોને રૂ. 50,000ની આર્થિક સહાય આપવાની જાહેરાત કરી છે.

ભિવંડી નિઝામપુર સિટી મ્યુનિસિપલ કોર્પોરેશને જણાવ્યું કે સપ્ટેમ્બર 2020માં જ આ ઇમારતને જોખમી જાહેર કરવામાં આવી હતી. આ વર્ષે 5 જૂને રહેવાસીઓને ખાલી કરવાની નોટિસ આપી વીજળી અને પાણીનો પુરવઠો પણ બંધ કરાયો હતો. તેમ છતાં માલિકોએ નગરપાલિકાની મંજૂરી વગર ગેરકાયદે સમારકામ શરૂ કરાવ્યું હતું. એક દિવસ પહેલાં જ નગરપાલિકાની ટીમે સ્થળની મુલાકાત લઈને લગભગ 40 રહેવાસીઓ અને મજૂરોને બહાર કાઢ્યા હતા તેમજ સમારકામ બંધ કરવાનો આદેશ આપ્યો હતો, પરંતુ કોન્ટ્રાક્ટર અને કેટલાક રહેવાસીઓએ સૂચન માન્યું નહોતું.

નગરપાલિકાએ ગેરકાયદે સમારકામ કરનાર કોન્ટ્રાક્ટર સામે ફોજદારી કાર્યવાહી શરૂ કરવાનો આદેશ આપ્યો છે.

# તસ્લીમા નસરીનની 19 વર્ષ બાદ કોલકાતામાં વાપસી

**બાંગ્લાદેશની** નિર્વાસિત લેખિકાએ ભાવુક થઈને કહ્યું “પશ્ચિમ બંગાળ જ હવે મારું ઘર”

**ધાર્મિક** કટ્ટરવાદ વિરોધી સાહિત્યિક કાર્યક્રમમાં લેશે ભાગ




કોલકાતા, તા. 31 (પીટીઆઈ): બાંગ્લાદેશની નિર્વાસિત લેખિકા તસ્લીમા નસરીન લગભગ 19 વર્ષ બાદ શુક્રવારે કોલકાતા પરત ફરી હતી. તેમણે આ મુલાકાતને ભાવનાત્મક ‘ઘરવાપસી’ ગણાવી હતી. પશ્ચિમ બંગાળમાં ભાજપની સરકાર બન્યા બાદ યોજાઈ રહેલા એક સાહિત્યિક કાર્યક્રમમાં ભાગ લેવા તેઓ શહેરમાં આવી છે.

એરપોર્ટ પર પહોંચતાં તસ્લીમાએ હાથ જોડીને સ્વાગત કરનારાઓનો આભાર માન્યો અને કહ્યું કે, “કોલકાતા પરત આવીને મને ખૂબ આનંદ થઈ રહ્યો છે.” નવેમ્બર 2007 બાદ આ તેમની પ્રથમ કોલકાતા મુલાકાત છે.

શનિવારે તેઓ રવિન્દ્ર સદનમાં યોજનારા ધાર્મિક કટ્ટરવાદ વિરોધી સાહિત્યિક કાર્યક્રમમાં પ્રથમ જાહેર ઉપસ્થિતિ નોંધાવશે અને કવિતાપાઠ કરશે. કાર્યક્રમમાં મુખ્યમંત્રી સુવેન્દુ અધિકારી અને જાણીતા સાહિત્યકાર શિર્ષેન્દુ મુખોપાધ્યાય સહિત અનેક મહાનુભાવો હાજર રહેશે. તસ્લીમાએ અગાઉ કહ્યું હતું કે, “મને લાગે છે કે હું મારા પોતાના દેશમાં પરત ફરી રહી છું. મારા માટે બંગાળ ક્યારેય સરહદ કે કાંટાળી વાડથી વહેંચાયેલું નથી.” તેમણે ઉમેર્યું કે બાંગ્લાદેશનો દરવાજો તેમના માટે બંધ હોવાથી પશ્ચિમ બંગાળ જ હવે તેમનું ઘર છે.

1994માં ‘લજ્જા’ નવલકથાને લઈને જાનથી મારી નાખવાની ધમકીઓ મળ્યા બાદ તેમણે બાંગ્લાદેશ છોડવું પડ્યું હતું અને 2004માં કોલકાતામાં વસવાટ શરૂ કર્યો હતો. જોકે, તેમની આત્મકથા ‘દ્વિખંડિતો’ને લઈને વિવાદ ઊભો થતાં 2007માં હિંસક વિરોધ પ્રદર્શન થયા હતા અને તે સમયની સરકારે તેમને શહેર છોડવા કહ્યું હતું.

તસ્લીમાએ આ મુલાકાતને માત્ર વ્યક્તિગત ઘરવાપસી નહીં પરંતુ ધાર્મિક કટ્ટરવાદીઓ દ્વારા દબાવવાનો પ્રયાસ કરાયેલા અવાજની વાપસી ગણાવી હતી. તેમણે મુલાકાત માટે વર્તમાન રાજ્ય સરકાર અને આયોજકોનો આભાર વ્યક્ત કરતાં કહ્યું કે સત્તામાં કોઈ પણ સરકાર હોય, લેખકની અભિવ્યક્તિની સ્વતંત્રતા હંમેશા સુરક્ષિત રહેવી જોઈએ. આયોજકોના જણાવ્યા મુજબ આ કાર્યક્રમનો હેતુ ધાર્મિક કટ્ટરવાદ સામેના તેમના જીવનભરના સંઘર્ષ અને અભિવ્યક્તિની સ્વતંત્રતાના સિદ્ધાંતનું સમર્થન કરવાનો છે.

# પશ્ચિમ બંગાળમાં જૈશના શંકાસ્પદ આતંકીની ધરપકડ

**ભાજપ** નેતાઓ અને VIPsની રેકી કરતા ISI નેટવર્કનો પર્દાફાશ

બર્ધમાન / કોલકાતા: પશ્ચિમ બંગાળ પોલીસની સ્પેશિયલ ટાસ્ક ફોર્સ (STF)ને આતંકવાદ વિરોધી એક મોટો વિજય મળ્યો છે. પૂર્વ બર્ધમાન જિલ્લામાંથી પાકિસ્તાન સ્થિત આતંકવાદી સંગઠન જૈશ-એ-મોહમ્મદ (JeM)ના એક શંકાસ્પદ આતંકીની ધરપકડ કરવામાં આવી છે. પ્રાથમિક તપાસમાં બહાર આવ્યું છે કે તે પાકિસ્તાની ગુપ્તચર એજન્સી ISI દ્વારા સમર્થિત એક એસ્પિઓનેજ (જાસૂસી) નેટવર્કનો ભાગ હતો, જેનો મુખ્ય હેતુ રાજ્યના ભાજપ નેતાઓ, શાસકો અને VIPs ની જાસૂસી કરવાનો તેમજ નવા આતંકીઓની ભરતી કરવાનો હતો.

STFએ બર્ધમાન શહેરના એક ભાડાના મકાનમાંથી મોહમ્મદ હમીમ મંડલ નામના શંકાસ્પદની ગુરુવારે અટકાયત કરી હતી. શુક્રવારે તેને ચુસ્ત સુરક્ષા વચ્ચે ચીફ જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટની કોર્ટમાં રજૂ કરવામાં આવ્યો હતો. પાકિસ્તાની આતંકી હેન્ડલર્સ સાથેના તેના સંબંધો અને બંગાળમાં પથરાયેલા જાળીય નેટવર્કની ઊંડી તપાસ માટે કોર્ટે આરોપીને ૧૪ દિવસની STF કસ્ટડીમાં સોંપવાનો આદેશ આપ્યો છે, જેના પછી તેને સઘન પૂછપરછ માટે કોલકાતા લઈ જવામાં આવ્યો છે. આરોપી છેલ્લા એક વર્ષથી સોશિયલ મીડિયા દ્વારા પાકિસ્તાની આતંકી હેન્ડલર્સના સંપર્કમાં હતો.

પૂછપરછ દરમિયાન તેણે સ્વીકાર્યું કે તેનો એક ઓનલાઇન સંપર્ક ISI નો ઓપરેટિવ હતો અને કેટલાક લોકો શહઝાદ ભટ્ટી નેટવર્ક સાથે જોડાયેલા હતા. તપાસમાં બહાર આવ્યું છે કે મંડલને રાજ્યના ભાજપ અને RSS ના નેતાઓ તેમજ વરિષ્ઠ અમલદારોની ગતિવિધિઓ અને સુરક્ષા વ્યવસ્થા પર નજર રાખવાનું કામ સોંપાયું હતું.

# સોનાના દાગીનાનો અસલી ચોર ઉંદર નીકળ્યો

**10** સોનાની વીંટી અને 2 ચેઇન ગુમ થતાં સીસીટીવી ચકાસવામાં આવ્યા

તુમાકુરુ (કર્ણાટક), તા. 31 (પીટીઆઈ): કર્ણાટકના તુમાકુરુ જિલ્લાની એક જ્વેલરી શોપમાં એક અનોખી ઘટના સામે આવી છે, જ્યાં સીસીટીવી કેમેરામાં એક ઉંદર દુકાનમાંથી સોનાના દાગીના ચોરીને લઈ જતો કેદ થયો હતો. સદનસીબે, ગુમ થયેલા તમામ દાગીના તેના દરમાંથી સુરક્ષિત રીતે મળી આવ્યા હતા. દુકાનના માલિક વિશ્વાસના જણાવ્યા મુજબ, આ અઠવાડિયાની શરૂઆતમાં જ્યારે સ્ટાફે દાગીનાનો સ્ટોક ચકાસ્યો ત્યારે 10 સોનાની વીંટીઓ અને 2 ચેઈન ગુમ હોવાનું માલૂમ પડ્યું હતું. શરૂઆતમાં સ્ટાફને કોઈ ગ્રાહક કે ચોર પર શંકા ગઈ હતી. પરંતુ સીસીટીવી ફૂટેજ તપાસતા ચોરીનો કોઈ પુરાવા મળ્યો ન હતો, જેથી આ ઘટનાથી દરેક લોકો આશ્ચર્યમાં મુકાઈ ગયા હતા.

ત્યારબાદ તેમનું ધ્યાન ગયું કે સોનાના વજનની વિગતો દર્શાવતા પ્રાઈસ ટેગ પણ ગાયબ હતા. માલિકને વિચાર આવ્યો કે જો કોઈ માનવ ચોર હોત તો તે ટેગ છોડીને માત્ર દાગીના જ લઈ જાત. આ શંકાના આધારે અગાઉની રાતના સીસીટીવી ફૂટેજ ફરી ચકાસવામાં આવ્યા, જેમાં સવારે 4.30 વાગ્યે એક ઉંદર સોનાની વીંટી મોંમાં દબાવીને લઈ જતો દેખાયો હતો.

અંતે ઉંદરે દુકાનમાં પાડેલા દર અને તેના રસ્તાની તપાસ કરતા તેમાંથી ગુમ થયેલી તમામ વીંટીઓ અને ચેઈન સુરક્ષિત રીતે મળી આવ્યા હતા.